# ઉત્તર ગુજરાતમાં કોરોનાનો હાહાકાર, ૨૧૨૮ નવા કેસ

## હવે મોતનો મલાજો પણ જળવાતો નથી, સારવાર માટે મોકલાયેલું સ્વજન હેમખેમ પાછું આવે તો કિસ્મત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ સરકાર અને આરોગ્ય વિભાગ કોરોનાની ગંભીરતા સમજવા પ્રજાને છેલ્લા ૧૩ મહિનાથી અપીલ કરતું રહ્યું પરંતુ રાજકીય મેળાવડા અને ત્યાર પછી પ્રજા લાપરવાહ બની જતાં તેનાં ગંભીર પરિણામો નજર સમક્ષ છે. ઉત્તર ગુજરાતમાં અત્યાર સુધીમાં પ્રથમવાર એક જ દિવસમાં કોરોનાથી રેકર્ડ બ્રેક ૨૧૨૮ લોકો સંક્રમિત થયાના આંકડા આરોગ્ય વિભાગે જાહેર કર્યા છે. ખાનગી આંકડાઓ જોડવામાં આવે તો આ આંક ૬૦૦૦ને વટાવી જાય તેમાં કોઈ શંકાને સ્થાન નથી. કોરોનાથી કે પછી શંકાસ્પદ કેસમાં મોત નિપજે એટલે હવે મોતનો મલાજો પણ જળવાતો નથી. સારવાર માટે મોકલવામાં આવેલું સ્વજન હેમખેમ પાછું આવે તો કિસ્મત જેવી સ્થિતિ ઠેકઠેકાણે પ્રવર્તિ રહી છે.

અમદાવાદ, વડોદરા, સુરત સહિતના શહેરી વિસ્તારમાં કોરોના જીવલેણ બનતાં આવા વિસ્તારમાં રહેતા ઉત્તર ગુજરાતના અનેક લોકોએ જીવતા હોઈશું તો ફરી કમાઈ લઈશું..તેવું માની વતનની વાટ પકડી અને તે અગાઉ ઉત્તર ગુજરાતના અનેક ગામડાઓમાં કોરોનાનો ચેપ પ્રસર્યો હતો થોડું બાકી રહી ગયું હતું તે ચેપગ્રસ્ત શહેરી વિસ્તારમાંથી આવેલા



લોકોએ પણ અન્ય લોકોને ચેપ લગાડતાં સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું. ટેસ્ટીંગ વધારવામાં આવ્યા જેમાં રેપિડ ટેસ્ટ દરમ્યાન સૌથી વધુ લોકો કોરોનાથી સંક્રમિત થયાનો ચોંકાવનારો ખુલાસો થયો. ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણમાં સ્થિતિ કાબુમાં આવવાના બદલે વધુ ને વધુ બેકાબુ બની ગઈ છે.

### ઉત્તર ગુજરાતમાં કોરોનાનું બેકાબુ સંક્રમણ..

| જિલ્લો | સંક્રમિત કેસ (પાછલા ૨૪ કલાકમાં) |
|---|---|
| પાટણ | ૮૭૯ |
| મહેસાણા | ૭૫૫ |
| સાબરકાંઠા | ૨૦૦ |
| બનાસકાંઠા | ૧૯૨ |
| અરવલ્લી | ૧૦૨ |

કોરોના સંક્રમિત લોકોની સંખ્યામાં સતત થઈ રહેલો વધારો ચિંતાજનક છે.

## અરવલ્લી આરોગ્ય વિભાગના ૩૦ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત

### માત્ર ૧૪ દિવસમાં આરોગ્ય કર્મીઓને કોરોનાનો અજગરી ભરડો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ અરવલ્લી જિલ્લામાં કોરોનાના ૨૦૦૦થી વધુ કેસ હોવાની આશંકા વચ્ચે વિભાગ દ્વારા માંડ જૂજ કેસ જાહેર થાય છે. પરંતુ હવે પોતાના ઉપર જ આવી પડતાં આરોગ્ય વિભાગ વિમાસણની સ્થિતિમાં આરોગ્ય તંત્ર કોરોના કાળમાં બિમાર થયું હોય તેમ અરવલ્લી જિલ્લાના ૩૦ કર્મચારીઓ પાછલા ૧૪ દિવસમાં કોરોનાથી સંક્રમિત થયાની સનસનીખેજ વિગતો સામે આવી છે. કોરોનાથી સંક્રમિત આરોગ્ય કર્મીઓને ફરજીયાત હોમ ક્વોરન્ટાઈન કરાયા છે. જો આરોગ્ય કર્મીઓ આટલી મોટી સંખ્યામાં સંક્રમિત થયા હોય તો જિલ્લાના ૬ તાલુકામાં શું સ્થિતી હશે..?? તેનું પ્રજાએ હવે જાતે આંકલન કરવું પડશે.

જિલ્લામાં કોરોનાનું સંક્રમણ દિવસે..દિવસે બેકાબુ બની રહ્યું છે. આરોગ્ય વિભાગ કાળઝાળ ઉનાળામાં વધતા સંક્રમણથી અંદરખાને ચોંકી ઉઠ્યું છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કોરોનાનો અજગરી ભરડો કસાતાં ન છૂટકે પ્રજા અને વેપારીઓને સ્વૈચ્છીક લૉકડાઉન અપનાવવાની ફરજ પડી છે. અત્યાર સુધી શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં કોરોના સામે રક્ષણ મેળવવા માટે રસીકરણ સફળ થાય તે માટે આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ એડી ટોચનું જોર લગાવ્યું હતું પરંતુ હવે ખુદ આરોગ્ય તંત્ર કોરોનાના જડબામાં સપડાતું હોય તેવી સ્થિતિ ઉભરીને બહાર આવી છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૪ દિવસમાં જ આરોગ્ય વિભાગના મેડીકલ ઓફીસર તેમજ આરોગ્ય કર્મીઓ સહિત ૩૦ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થતાં તાત્કાલિક હોમ ક્વોરન્ટાઈન થયાનું જાણવા મળ્યું છે.

## જિલ્લામાં કોરોનાના વધતા સંક્રમણમાં ઈમજન્સી-૧૦૮ની દોડાદોડી ઘટી

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા જતા સંક્રમણમાં ૨૪ કલાક ઈમરજન્સી સેવા માટે તૈનાત રહેતી ૧૦૮ ની દોડાદોડીમાં આશ્ચર્યજનક રીતે ઘટાડો થયો છે. અગાઉ સામાન્ય શારીરિક બિમારી સમયે કોલ કરીને ઈમરજન્સી સેવાને દોડાવનારા સંક્રમણથી સાવચેત બની જતાં મોટાભાગની એમ્બ્યુલન્સ સેવાઓ જે તે સ્થળે સ્ટેન્ડ-ટુ જોવા મળી રહી છે. ઈમરજન્સી સેવા સાથે સંકળાયેલા સૂત્રોએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે કોરોના કાળમાં ઈમરજન્સી સેવાની દોડાદોડીમાં અડધો અડધ ઘટાડો થયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સોશ્યલ ડિસ્ટન્સ, ફરજીયાત માસ્કનું કડકાઈથી પાલન શરૂ કરવામાં આવ્યું છે. ગ્રામ્ય અને શહેરી વિસ્તારની પ્રજા હવે વધુ જાગૃત બની છે. અગાઉના સમયમાં સામાન્ય કોઈ શારીરિક પીડા થાય તો તાત્કાલિક સરકારની નિઃશુલ્ક ઈમજન્સી સેવાને કોલ કરી બોલાવવામાં આવતી હતી પરંતુ કોરોનાનું સંક્રમણ વધ્યા પછી ઈમરજન્સી સેવાની દોડાદોડીમાં ધરખમ ઘટાડો થયો છે. હાલના સમયે માત્ર જૂજ અકસ્માતના કિસ્સાઓમાં જ જરૂરીયાતમંદો સેવાનો લાભ લઈ રહ્યા છે. શહેરી વિસ્તારોમાં કોરોના બેકાબુ બનતાં ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનો હવે સારવાર લેવા માટે દવાખાને જવાનું પણ ટાળી રહ્યા છે જેના કારણે સંક્રમણની વધતી જતી સ્થિતિમાં ઈમરજન્સી-૧૦૮ના કર્મચારીઓને આડકતરી રીતે ખાસ્સી રાહત થઈ છે.



**પુંસરી ગામમાં કોરોના સામે બાથ ભીડવા ટીકા ઉત્સવની શરૂઆત**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટીકા ઉત્સવ ઉજવવા ઉપર ભાર મૂક્યો છે અને ૪ આગ્રહનો અનુરોધ કર્યો છે જેમાં રસીકરણ કેન્દ્ર પર જવામાં લોકોની મદદ કરો, કોરોનાની સારવાર માટે લોકોની મદદ કરો, માસ્ક પહેરો અને લોકોને માસ્ક પહેરવા માટે પ્રેરીત કરો, જ્યાં કોરોનાના કેસ આવ્યા હોય ત્યાં માઈક્રો કન્ટેન્ટમેન્ટ ઝોન બનાવો. ત્યારે તલોદના પુંસરી ગામમાં નટુભાઈ ચૌધરી ચેરીટેબલ ટ્રસ્ટે વડાપ્રધાનના આહવાનને સ્વીકારી સુચારૂ આયોજન કર્યું છે અને આ માટે પુંસરી ગામના લોકોમાં જાગૃતતા લાવવા કોવિડ-૧૯ ની ગાઈડલાઈન મુજબ બેઠક યોજવામાં આવી તેમજ ૧૫૦૦ જેટલી પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું છે. ગામના યુવાનો સક્રીય બની લોકોને રસી બુથ સુધી લઈ આવે તે માટે ખાસ એક્શન પ્લાન તૈયાર કર્યો છે.

## ફૂટેજ જોઈ પોલીસ ધંધે લાગી

## ઈડરની લક્ષ્મી ટ્રેડીંગની ઓફિસમાંથી ૩.૭૨ લાખની રોકડ રકમની તસ્કરી

### કામ કરતા વોચમેન સહિત ૩ શકદારો સામે ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ ઈડર માર્કેટયાર્ડમાં લક્ષ્મી ટ્રેડીંગ કંપની નામની પેઢીના તાળાં ખોલી ટેબલના ડ્રોઅરમાં મૂકેલ રોકડ રૂા.૩,૭૨,૦૦૦ની ચોરી કરી ગોડાઉનનો વૉચમેન છોટું સહિત અન્ય તેના ૩ શકદારો ફરાર થઈ જતાં મામલો ઈડર પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. પોલીસે ફૂટેજ જોઈ શકદારોની તપાસ હાથ ધરી છે. પેઢી માલિક પાસે મજૂરી માટે રાખેલા લોકોના યોગ્ય પુરાવા ન હોવાથી પોલીસ માટે આરોપીઓ સુધી પહોંચવું મુશ્કેલ બન્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ઈડર તાલુકાના રેવાસ ગામના દિનેશ ભીખાભાઈ પટેલની ઈડર માર્કેટયાર્ડમાં લક્ષ્મી ટ્રેડીંગ નામની પેઢી આવેલી છે. જેના મારફતે તેઓ પશુ આહારનું માલધારી પશુપાલકો સુધી વેચાણ કરતા હતા. ગત તા.૧૧ના રોજ




તેમની પેઢીનું તાળુ તોડી કોઈ તસ્કરો રૂા.૩.૭૨ લાખની રોકડ ઉસેડી જતાં પેઢી માલિક હચમચી ગયા હતા અને કોઈ જાણભેદુએ જ તસ્કરીને અંજામ આપ્યાની આશંકા સાથે દિવસે મજૂરી અને રાત્રે વૉચમેનનું કામ કરતા છોટું નામના ઈસમે તાળું ખોલી તસ્કરીને અંજામ આપ્યાની આશંકા હતી અને સી.સી.ટીવી ફૂટેજ દરમ્યાન કેટલાક શંકાસ્પદ દ્રશ્યો જણાઈ આવતાં પોલીસે વૉચમેન સહિત શકદારો સામે તસ્કરીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## બાયડમાં ૧૨ કલાકમાં કોરોનાથી બેનાં મોત નિપજતાં હાહાકાર

### ૧ મહિનામાં કોરોના ૫ ને ભરખી ગયો પરંતુ તંત્રના ચોપડે મોત નોંધાયું નથી..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩ બાયડમાં કોરોના તાંડવ જોવા મળ્યું છે. છેલ્લા ૧૨ કલાકમાં એક મહિલા સહિત ૨ નાં મોત નિપજતાં હાહાકાર મચ્યો છે. છેલ્લા ૧ મહિનામાં જ બાયડના બસ સ્ટેશન, જૂના બસ સ્ટેશન વિસ્તારમાં કોરોના ૫ ને ભરખી ગયો પરંતુ તંત્રના ચોપડે કોરોનાથી મોત નિપજ્યાની નોંધ શુદ્ધ લેવાઈ નથી. લાગે છે કે કોરોનાના કારણે હવે મોત પણ સરકારી દફતરે અણગમા થઈ ગયા છે. બાયડના જૂના બસ સ્ટેશન વિસ્તારના પુરૂષને કોરોનાનો ચેપ લાગતાં સારવાર માટે અમદાવાદ લઈ ગયા હતા પરંતુ ત્યાં દર્દીઓની મોટી કતારો હતી. ૩ કલાક સુધી રાહ જોયા પછી દર્દીને સારવાર માટે બાયડના વાત્રકની કોવિડ હોસ્પિટલમાં લઈ આવ્યા પરંતુ તે પહેલાં જ મોતને ભેટતાં પરિવારજનોના કરૂણ આક્રંદે હોસ્પિટલ સંકુલને શોકમગ્ન કરી દીધું હતું. જ્યારે બીજા દિવસ સવારે બાયડ બસ સ્ટેશન



વિસ્તારમાં જી.ઈ.બી. કર્મચારીના પત્નિ હોમ ક્વોરન્ટાઈન હતા અને એકાએક તબિયત લથળતાં મોત નિપજ્યું હતું. બાયડ પાલિકા વિસ્તારમાં કોરોનાનું મોત તાંડવ જોઈ અનેક લોકો ડરામણા બની ગયા છે.

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વિભાગની નબળી કામગીરી અને જવાબદાર આરોગ્ય અધિકારીઓની અછતનાં ગંભીર પરિણામો સીધીસાદી પ્રજાને ભોગવવાનો વારો આવ્યો છે. કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું છતાં તંત્રએ તમામ બાબતમાં ગંભીરતા ન દાખવી તેનું પરિણામ નજર સમક્ષ છે. માત્ર બાયડમાં જ કોરોના સંક્રમિત ૫૦૦ થી વધુ દર્દી હોવાની આશંકા છે. બાયડની ખાનગી હોસ્પિટલોમાં કોરોના દર્દીઓના બેડ હાઉસ્ફુલ છે વાત્રકની કોવિડ હોસ્પિટલમાં કોરોનાગ્રસ્ત દર્દીને સારવાર માટે હા કહે તો કિસ્મત જેવી સ્થિતિ છે. આ બધા વચ્ચે બાયડમાં કોરોનાની બીજી લહેરમાં મૃત્યુ દર વધતાં અત્ર, તત્ર, સર્વત્ર ચિંતાનાં વાદળ ઘેરાયાં છે તેમાંય પાછલા ૧૨ કલાક દરમ્યાન કોરોના શહેરના ૨ નાગરિકોને ભરખી જતાં પ્રજાએ વેપારીઓની જેમ જ સ્વયંભૂ ઘરમાં જ પુરાઈ રહેવાનો નિર્ણય લીધાનું જાણવા મળ્યું છે.

## અરવલ્લી આરોગ્ય તંત્ર રાજ્યના આરોગ્ય વિભાગને ઉલ્ટા ચશ્મા પહેરાવવામાં સફળ

બાયડ : અરવલ્લી જિલ્લાનું આરોગ્ય તંત્ર ધણીધોરી વિનાનું દેખાઈ રહ્યું છે. એકમાત્ર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની જગા ભરાયેલી છે. તેઓ માહિતી આપવા માટે કોઈનો મોબાઈલ ઉપાડતા નથી, કોઈ જ્યોતિષીએ કહ્યું હશે કે મોબાઈલ ઉપાડશો તે દિવસે તમને કોરોના લાગુ થઈ જશે..અન્ય ૪ અધિકારીઓની ખાલી જગ્યાએ મેડીકલ ઓફીસરોને મૂકવામાં આવ્યા છે અને તે કહે તેટલું જ આરોગ્ય અધિકારી અને ડી.ડી.ઓ. સાંભળે છે. અત્યારે સ્થિતિ એ છે કે અરવલ્લીના ૬ તાલુકામાં કોરોનાનું સંક્રમણ ભયજનક છે. રેપિડ ટેસ્ટ દરમ્યાન દરરોજ ૬૦૦ થી ૧૦૦ લોકો સંક્રમિક થયાના અહેવાલ છે પરંતુ અરવલ્લી આરોગ્ય તંત્ર રાજ્યના આરોગ્ય તંત્રને ઉલટા ચશ્મા પહેરાવવામાં સફળ હોય તેમ પાછલા ૩ દિવસના આંકડા ઉપરથી જોવા મળ્યું છે.

## બાયડ બસ સ્ટેશન વિસ્તારમાં ટ્રકની ટક્કરે બાઈકચાલકનું મોત

બાયડ બસ સ્ટેશન વિસ્તારમાં ચૈત્ર નવરાત્રિના પ્રથમ દિવસે જ ટ્રકની ટક્કરે બાઈક ચાલક ભલાભાઈ કાંહ્યાભાઈ ભરવાડ(રહે.ખરોડ)નું કમકમાટી ભર્યું મોત નિપજતાં વેપારીઓ અને નગરજનોમાં રોષ વ્યાપ્યો છે. અકસ્માત ઝોન તરીકે પંકાયેલા ત્રણ રસ્તા પાસે પોલીસ ડોકાતી જ નથી. ગમખ્વાર અકસ્માત સર્જાયો એટલે એકાએક પોલીસ પ્રગટ થઈ છે. ટાઉન જમાદારની નિષ્ક્રિયતા સામે પણ લોકટોળામાં રોષ જોવા મળ્યો.

બાયડ પોલીસની નિષ્ક્રિયતાથી બસ સ્ટેશન આસપાસ ખાનગી વાહનોના અડીંગા જામી રહ્યા છે જેના કારણે પૂરઝડપે દોડતા ટ્રકની હડફેટથી નાના વાહન ચાલકો મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. બાયડ ટાઉન જમાદાર અને ટ્રાફીક પોલીસને સવાર થી સાંજ બસ સ્ટેશન વિસ્તારમાં ફરજ પર રહેવાની સૂચના હોવા છતાં ધોમધગતા તાપમાં તેમના ચહેરા કરમાઈ ન જાય તેની ચીવટ રાખી છેલ્લા ૧૫-૨૦ દિવસથી કોઈ ડોકાતું નથી. તા.૧૩ઉના રોજ પૂરઝડપે જતા ટ્રકે બાઈકને હડફેટમાં લેતાં ચાલકનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. દુર્ઘટના પછી લોકટોળાં એકત્ર થયાં હતાં અને પોલીસની નિષ્ક્રિયતા સામે રોષ વ્યક્ત કર્યો હતો.

ગાંધી પરિવારનું ગૌરવ વધારતાં
હાર્દિક અભિનંદન..



ડૉ. વિશ્વા મિનેષભાઈ ગાંધી
બાયડ, જિ.અરવલ્લી
બાયડની વિશ્વા સર્જીકલ હોસ્પિટલના જાણીતા સર્જન
ડૉ. મિનેષભાઈ સી. ગાંધી અને દિપાબેન ગાંધીની પુત્રી
કુ. ડૉ. વિશ્વા ગાંધી
ચાલુ સાલે ગુજરાત યુનિ. દ્વારા યોજવામાં આવેલ ફાઈનલ યર M.B.B.S. પરીક્ષામાં ૭૦ ટકા મેરીટ સાથે ફર્સ્ટ ક્લાસ ડીસ્ટીક્શન સાથે ઉત્તિર્ણ થઈ એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડીકલ કોલેજ-અમદાવાદ તેમજ સમસ્ત ગાંધી પરિવાર, બાયડ તેમજ સાકરીયા ગામનું ગૌરવ વધારતાં હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.
-: શુભેચ્છક :-
વિનાયક મેડીકલ સ્ટોર્સ, બાયડ
વિશ્વદિપ ફાઈનાન્સ, બાયડ
ગણેશ ઓટો એજન્સી, બાયડ
વિનાયક એનર્જી, રમાસ (સી.એન.જી. પંપ)
વિશ્વા સર્જીકલ હોસ્પિટલ, બાયડ પરિવાર
બાયડ, જિ. અરવલ્લી

## હિંમતનગર પાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીરામ શાંખલાનું નિધન

સાબરકાંઠા જિલ્લામાં



ભાજપના સંગઠનને મજબૂત કરવાના પાયામાં જેમનો સિંહ ફાળો છે તેવા ભાજપ અગ્રણી, હિંમતનગર પાલિકાના પૂર્વ પ્રમુખ શ્રીરામ શાંખલાનું નિધન થતાં હિંમતનગર શહેર સહિત જિલ્લા ભાજપના કાર્યકરોમાં શોક છવાયો છે.

## હાઈકોર્ટની આલોચના પછી સરકાર એક્શનમાં

## ઉત્તર ગુજરાતમાં લગ્ન સમારંભ, ધાર્મિક કાર્યક્રમો ઉપર નિયંત્રણ, લગ્ન મંડપ, કેટરર્સ સંચાલકોની માઠી દશા

### એપ્રિલના અંત અને મે મહિનામાં યોજાનારા લગ્નોના આયોજકો મૂંઝાયા

ગુજરાતમાં બેલગામ કોરોના, ઓક્સિજન અને જરૂરી દવાની અછત મામલે ગુજરાત હાઈકોર્ટે સરકારની આલોચના કર્યા પછી સરકાર એક્શનમાં આવી ગઈ છે અને રાજ્ય સહિત ઉત્તર ગુજરાતમાં લગ્નસમારંભો, ધાર્મિક કાર્યક્રમો ઉપર નિયંત્રણ લાદી દીધા છે. એપ્રિલના અંત અને મે. મહિનામાં યોજાનારા લગ્નો અને શુભપ્રસંગોનું મોટાપાયે આયોજન કરનારા યજમાનો મૂંઝાયા છે. કેટલાક લગ્નના આયોજકોએ તો મંડપ અને રસોડા પેટે લાખો રૂપિયા એડવાન્સ આપ્યા છે અને હવે મંડપ-કેટરર્સ સંચાલકો ઓર્ડર રદ કરવાની ના પાડતાં કોરોનાએ ધંધા-રોજગારની સાથે શુભ પ્રસંગના આયોજકોને પણ પાયમાલ કર્યાનું ચિત્ર દેખાઈ રહ્યું છે.

રાજ્યમાં કોરોનાની સ્થિતિ ચિંતાજનક છે. લાંબા સમય સુધી સાચી બાબત દબાવી ન શકાય. ફરી એકવાર આ મુદ્દે ન્યાયાલયે દરમ્યાનગીરી કરી અને સરકારને જે કહેવાનું હતું તે કહી દીધું. જેના કારણે સરકાર એક્શનમાં આવી અને આગામી તા.૩૦ એપ્રિલ સુધી ધાર્મિક સ્થળો બંધ રાખવાના આદેશ સાથે લગ્ન સમારંભોમાં માત્ર ૫૦ થી વધુ લોકો હાજરી નહીં આપી શકે તેવી આચારસંહિતા અમલી બનાવી દીધી છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ખાસ કરીને પાટીદાર અને ઠાકોર-ક્ષત્રિય સમાજ તેમજ અન્ય સમાજમાં લગ્ન હોય ત્યારે ૫૦૦ થી ૫૦૦૦ સુધી જનસંખ્યા હોય છે. ઓછી લગ્ન સંખ્યાવાળા લગ્નો હવે ભૂતકાળ બની ગયા છે. કોરોનાનું છેલ્લા ૧૩ મહિનાથી સંક્રમણ વધ્યા પછી અનેક વિસ્તારોમાં લગ્નો સહિત શુભપ્રસંગમાં હજારો લોકો જોવા મળ્યા. સરેઆમ સોશ્યલ ડિસ્ટન્સ અને કોવિડ-૧૯ની ગાઈડલાઈનનો ભંગ થયો. પરંતુ તંત્ર અને ફરિયાદકારો પણ આંખો જોઈને કામ કરતા હોય તેવી હકીકતો સામે આવી છે.

### સરકાર એક્શનમાં - લગ્નસરાની સીઝનનો ત્રણ મહિનાનો વેપાર-ધંધો ચોપાટ

કોરોનાના કપરા કાળ પછી બજારમાં છેલ્લા ૧ મહિનાથી ઘરાકી જોવા મળી. એપ્રિલ-મે. માં યોજાનારા લગ્નોના કારણે કાપડ, વાસણ, ઝવેરી બજારમાં ઘરાકી જામી હતી પરંતુ રાજ્યમાં કોરોનાની સ્થિતિ બેકાબુ, ઓક્સિજન, દવાઓની અછત મુદ્દે ગુજરાત હાઈકોર્ટે રાજ્યમાં લોકો ભગવાન ભરોસે છે. લોકોને સરકાર ઉપર વિશ્વાસ નથી તેવી ફટકાર લગાવતાં ગુજરાત સરકાર એક્શનમાં આવી છે. લગ્નો સહિતના શુભ પ્રસંગમાં સિમિત હાજરી અને ધાર્મિક મેળાવડા બંધ કરતાં ખાસ કરીને લગ્નસરાની સીજનમાં ૩ મહિનાનો વેપાર-ધંધો ચોપાટ થઈ જતાં વેપારીઓનો લાખો-કરોડોનો વેપાર ઘોંચમાં પડ્યાનું ચિત્ર ઉપસ્યું છે.